# <u>પ્રમાણપત્ર ચકાસણી અને જિલ્લા પસંદગી કેમ્પ</u>

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર–૧૭, ગાંધીનગરની કચેરી ધ્વારા એસએસએ યોજના અંતર્ગત કલસ્ટર કક્ષાએ સીઆરસી કો. ઓર્ડિનેટરની ખાલી જગ્યાઓ પૈકી ઓછામાં ઓછી ૫૦૦ જગ્યાઓ ૧૧ માસના કરાર આધારિત (કોન્ટ્રાકટ બેઝ) થી ભરવા માટે મંગાવેલ ઓનલાઈન અરજીઓ અન્વયે Confirm કરેલ અરજીના ઉમેદવારોની સંભવિત મેરીટયાદી તા.૧.૫.૧૭ ના રોજ વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવેલ હતી.

જાહેર કરેલ મેરીટયાદીમાં Confirm કરેલ અરજીમાં દર્શાવેલ લાયકાત આધારે સંભવિત મેરીટ ગણતરી કરવામાં આવેલ હોઈમેરીટ ગણતરીમાં ગુણાંકનમાં કોઈ ફેરફાર હોય તેવા ઉમેદવારો પાસેથી લેખિતમાં વાંધા અરજી જરૂરી આધાર પુરાવા અને Confirm કરેલ ઓનલાઈન અરજીની પ્રિન્ટ સહિત મંગાવેલ હતી. જે આધારે માન્ય વાધાંઓને ગ્રાહય રાખીને તે આધારે સુધારેલ મેરીટ યાદી આજરોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

પ્રસિધ્ધ કરેલ સુધારેલ મેરીટ યાદીના ઉમેદવારો પૈકી મેરીટ ક્રમ–૧ થી મેરીટ ક્રમ–૬૦૦ના ઉમેદવારો માટે તા.૧૬ મે થી તા.૧૮ મે દરમ્યાન નીચે દર્શાવેલ સ્થળે સુચિત કરેલ સમય પત્રક મુજબ પ્રમાણપત્ર ચકાસણી અને તે આધારે માન્ય ઉમેદવારો માટે જિલ્લા પસંદગી કેમ્પ રાખવામાં આવેલ છે. જેમાં સબંધિત ઉમેદવારોને ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે. આ સંદર્ભે અલગથી કોઈ પત્રવ્યવહાર કરવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેશો.

**સ્થળ/સરનામુ : વિદ્યાસહાયક (પીટીસી) ભરતી બિલ્ડીંગ,**
**સુવિધા કચેરીની પાસે, સેકટર–૧૯, ગાંધીનગર.**

**સમય પત્રક :**

| સંભવિત સમય | તા.૧૬.૫.૨૦૧૭ | તા.૧૭.૫.૨૦૧૭ | તા.૧૮.૫.૨૦૧૭ |
|---|---|---|---|
| સવારે ૧૦.૦૦ કલાક | મેરીટ ક્રમ–૧ થી ૧૦૦ | મેરીટ ક્રમ–૨૦૧ થી ૩૦૦ | મેરીટ ક્રમ–૪૦૧ થી ૫૦૦ |
| બપોરે ૨.૦૦ કલાક | મેરીટ ક્રમ–૧૦૧ થી ૨૦૦ | મેરીટ ક્રમ–૩૦૧ થી ૪૦૦ | મેરીટ ક્રમ–૫૦૧ થી ૬૦૦ |

**પ્રમાણપત્ર ચકાસણી અને જિલ્લા પસંદગી માટે નીચે મુજબની સુચનાઓને ધ્યાનમાં લેશો.**

(૧) ઓનલાઈન અરજીની પ્રિન્ટ તથા તેમાં દર્શાવેલ પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત બે નકલ લાવવી.
(૨) ફાળવેલ સમય પત્રક કરતા મોડા આવેલ ઉમેદવારોની રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહી જેની નોંધ લેશો.
(૩) પ્રમાણપત્ર ચકાસણી અને જિલ્લા પસંદગી માટે ઉમેદવારે જાતે જ હાજર રહેવું.
(૪) ઓનલાઈન અરજીમાં દર્શાવેલ પ્રમાણપત્રોની ખરાઈમાં ક્ષતિ જણાયે અથવા માન્ય ન હોય તેવા પ્રમાણપત્રોની ખરાઈ કરી આવા ઉમેદવારોની ઉમેદવારી રદ કરવામાં આવશે.
(૫) પ્રમાણપત્રો ચકાસણી અને જિલ્લા પસંદગીને અંતે જે તે જિલ્લાની સુચિત જિલ્લા પસંદગી યાદી જે તે જિલ્લાના જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટરને અત્રેથી મોકલી આપવામાં આવશે.
(૬) જે તે જિલ્લાના જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર ધ્વારા સુચિત જિલ્લા પસંદગી યાદીના અગ્રતાક્રમના ઉમેદવારોને જિલ્લાના ખાલી જગ્યાના પ્રમાણમાં અત્રેથી ફાળવેલ જગ્યાઓના સીઆરસી માટે અગ્રતાક્રમ અનુસાર સીઆરસી પસંદગી માટે સંભવિત સીઆરસી પસંદગી કેમ્પ અને કરાર આધારિત નિમણુંક સંભવિત તા.૨૫.૫.૧૭ સુધી તમામ જિલ્લા કચેરી ધ્વારા યોજવામાં આવશે. જેના સ્થળ અને સુચિત સમય પત્રક આ વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. જેથી અત્રે જિલ્લા પસંદગી કરેલ ઉમેદવારોએ સમયાંતરે વેબસાઈટ જોતા રહેવુ. આ માટે અલગથી કોઈ પત્રવ્યવહાર કે જાણ કરવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેશો.

**ખાસ નોંધ : પ્રસિધ્ધ કરવામાં આવેલ સુધારેલ મેરીટ યાદીના મેરીટ ક્રમ ૧ થી મેરીટ ક્રમ ૬૦૦ ના તમામ ઉમેદવારોના પ્રમાણપત્રો ચકાસણી કરવામાં આવશે પરંતુ હાલ પુરતુ માત્ર ૫૦૦ જગ્યાઓ ભરવાની થતી હોય અગ્રતાક્રમ અનુસારના કુલ ૫૦૦ ઉમેદવારોને જિલ્લા પસંદગીની તક આપવામાં આવશે. આ ઉમેદવારો પૈકી ગેરહાજર રહેનાર કે અમાન્ય ઉમેદવારની જગ્યા પર પ્રતિક્ષાયાદીમાંથી ઉમેદવારને જિલ્લા પસંદગી કરાવવામાં આવશે. આ સિવાયના ઉમેદવારોનો પ્રતિક્ષા યાદીમાં સમાવેશ કરવામાં આવશે જેની નોંધ લેશો.**

××××××××××